# હિલેરી અમેરિકાના પ્રમુખપદની ચુંટણી લડશે

## પ્રચાર સાથે સંબંધિત પોતાની સત્તાવાર વેબસાઈટ ઉપર નિવેદન : હિલેરીના હજારો સમર્થકોમાં ખુશીનું મોજું

વોશિંગ્ટન, તા. ૧૩

અમેરિકાના પૂર્વ વિદેશમંત્રી હિલેરી ક્લિન્ટને પ્રમુખ પદ માટે પોતાની દાવેદારી સત્તાવાર રીતે રજુ કરી દીધી છે. અમેરિકામાં પ્રમુખ પદ માટેની ચુંટણી લડવાની હિલેરીએ જાહેરાત કરી દીધી છે. રવિવારના દિવસે હિલેરીએ જાહેરાત કરી હતી કે, તેઓ સામાન્ય અમેરિકી પરિવારોનું સમર્થન કરવા ઈચ્છુક છે. હિલેરીએ પ્રચાર સાથે સંબંધિત પોતાની સત્તાવાર વેબસાઈટ ઉપર એક વિડીયોમાં કહ્યું છે કે, તેઓ પ્રમુખ પદની ચુંટણી લડવા ઈચ્છુક છે. દરરોજ અમેરિકી જનતાને એક તરફેણ કરનાર વ્યક્તિની જરૂર પડે છે અને તેઓ આના માટે સંપૂર્ણપણે તૈયાર છે. હિલેરીએ વર્ષ ૨૦૧૬ના પ્રચાર અભિયાન સાથે જોડાયેલા પ્રથમ વીડિયોમાં કહ્યું છે કે, અમેરિકા પોતાના કઠોર આર્થિક માહોલથી બહાર નિકળી ચુક્યું છે. પરંતુ હજુ પણ માત્ર ઉપરના લોકોને જ લાભ મળી રહ્યા છે. વર્ષ ૨૦૦૮માં હિલેરી ક્લિન્ટને ડેમોક્રેટ તરફથી દાવેદારી રજુ કરી હતી. પરંતુ બરાક ઓબામા સામે તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. હવે હિલેરી ક્લિન્ટન સંપૂર્ણ લડાયક મૂડમાં દેખાઈ રહી છે. હિલેરીએ જાહેરાત કર્યા બાદથી અમેરિકામાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હિલેરી ક્લિન્ટન લોવામાં પ્રથમ પ્રચાર કરે તેમ માનવામાં આવે છે. પોતાના પરિવાર સાથે ફોટાઓ પણ હિલેરીએ રજુ કર્યા છે. તમામ ૫૦ અમેરિકી રાજ્યોમાં હવે હજારો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. હિલેરીના સમર્થકો લોવામાં તમામ પ્રાંતમાં પ્રચાર કરનાર છે. જાણકારોનું કહેવું છે કે હિલેરીની દાવેદારી ખૂબ જ મજબુત રહી શકે છે. અમેરિકાના પૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટનના પત્નિ હિલેરી ક્લિન્ટન જુદા જુદા હોદ્દાઓ ઉપર સફળતાપૂર્વક સેવા આપી ચુક્યા છે. ભારતની અનેક વખત યાત્રા પણ કરી ચુક્યા છે.



## એટીએફ ટેક્સને ઘટાડી દેવા રાજ્યોને ગજપતિની અપીલ

બેંગલોર,તા. ૧૩

કેન્દ્રિય નાગરિક ઉડ્ડયન પ્રધાન અશોક ગજપતિએ આજે કહ્યુ હતું કે એટીએફ ટેક્સને ઘટાડી દેવામાં આવે તે જરૂરી છે. રાજુએ કહ્યું હતું કે કર્ણાટક સહિતના તમામ રાજ્યોને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)ને ઘટાડી દેવા માટે કર્ણાટકના મુખ્યપ્રધાન સીધારામૈયા સહિત તમામ રાજ્યોના મુખ્યપ્રધાનોને અપીલ કરવામાં આવી છે. રાજુએ કહ્યું હતું કે ઉડ્ડયન ક્ષેત્રને મુશ્કેલીમાંથી બહાર નિકાળવા માટે કેટલાક પગલા જરૂરી બન્યા છે. બેંગલોરમાં તેમણે કહ્યુ હતું કે કેટલાક રાજ્યોમાં એટીએફ ૩૦ ટકા કરતા વધારે છે. આના કારણે જેટ ફ્યુઅલમાંથી ૪૦ ટકાથી વધારે ઓપરેશનલ ખર્ચ ધરાવનાર એરલાઈન ઓપરેટરો માટે મુશ્કેલરૂપ સ્થિતી સર્જાય છે. કર્ણાટકમાં એટીએફ પર ૨૮ ટકા સેલ્સ ટેક્સ છે. જે દેશમાં સૌથી વધારે છે. ઉડ્ડયનને મૈત્રીલક્ષી બનાવવા માટે અમે તમામ રાજ્યોના મુખ્યપ્રધાનોને અપીલ કરી રહ્યા છીએ. ટેક્સની ચોક્કસપણે જરૂર છે. પરંતુ ટેક્સના કારણે કામ મશ્કેલરૂપ બની જાય તે બાબત અયોગ્ય છે. રાજુએ કહ્યું હતું કે કેટલાક રાજ્યોએ એટીએફ ટેક્સ ઘટાડી દેવાના કેન્દ્રના અનુરોધનો યોગ્ય જવાબ આપ્યો છે. તેમણે કહ્યુ હતું કે કેટલાક રાજ્યોમાં ઉડ્ડયન પ્રવૃતિમાં તેજી જોવા મળી રહી છે.રાજુએ કહ્યું હતું કે નાગપુરમાં ૧૦૦ મિલિયન એમઆરઓ ફેસિલીટીના ઓપરેશનની શરૂઆત કરવામાં વિલંબ થઈ રહ્યો છે. રાજુએ કહ્યુ હતું કે ઉડ્ડયન મંત્રાલય નાના વિમાનીમથકો વચ્ચે કનેકટિવિટીને પ્રોત્સાહન આપવા નવી નિતી જાહેર કરવામાં આવનાર છે.દેશમાં હાલ કેટલાક ઓપરેટોરો ભારે મુશ્કેલીમાં છે.

## લિવ ઈનમાં રહેનાર દંપત્તિ કાયદાની દૃષ્ટિથી પરિણિત : સુપ્રીમ

નવીદિલ્હી, તા. ૧૩

સુપ્રીમ કોર્ટે વધુ એક ઐતિહાસિક અને દુરગામી અસર કરે તેવો ચુકાદો આપી દીધો છે જેના ભાગરુપે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, બિન પરિણિત દંપત્તિ પતિ-પત્નિના રુપમાં લાંબા સમય સુધી સાથે રહે છે તો કાયદાકીયરીતે તેમને પરિણિત ગણવામાં આવશે. સાથે સાથે આ પ્રકારની સ્થિતિમાં રહેનાર મહિલા તેના પાર્ટનરના મોત બાદ સંપત્તિ મેળવવાનો પણ અધિકાર ધરાવશે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. એક નવેસરના મામલાની સુનાવણી હાથ ધરતી વેળા સુપ્રીમે આ ચુકાદો આપ્યો હતો. સાથે સાથે કોર્ટે એમ પણ કહ્યું હતું કે, આવા દંપત્તિમાંથી પુરુષનું મૃત્યુ થાય છે તો તેની સંપત્તિ પર મહિલાનો અધિકાર રહેલો છે. જસ્ટિસ એમઆઈ ઈકબાલ અને



જસ્ટિસ અમિતવા રોયની ખંડપીઠે આ ચુકાદો આપતા કહ્યું હતું કે, આવા દંપત્તિમાં પોતાને પરિણિત નહીં હોવાની બાબત સાબિત કરવા માટેની જવાબદારી દંપત્તિની રહેશે. પોતાનો ચુકાદો આપતા ખંડપીઠે કહ્યું હતું કે, કાયદાની દૃષ્ટિએ લાંબા સમયથી સાથે રહેનાર દંપત્તિ પ્રભાવિતરીતે પરિણિત ગણળામાં આવશે. અલબત્ત કોર્ટે એમ પણ કહ્યું હતું કે, દંપત્તિમાંથી જે પણ પોતાને પરિણિત ન હોવાની મોડેથી સાબિતી આપશે તેને આ પ્રકારે દસ્તાવેજો અને અન્ય માહિતી રજૂ કરવી પડશે. આ વ્યક્તિને કોર્ટમાં પુરાવાની સાથે પોતાના પક્ષને સ્પષ્ટ કરવાની જરૂર પડશે. સુપ્રીમ કોર્ટ વર્ષ ૨૦૧૦થી સતત લિવ ઈન સંબંધમાં રહેનાર દંપત્તિના પક્ષમાં આ પ્રકારના ચુકાદા આપે છે. આ સંબંધોમાં રહેતી મહિલાને કોર્ટે સતત પત્નિનો દરજ્જો આપ્યો છે. નવેસરના ચુકાદામાં પણ કોર્ટે ખુબ જ સ્પષ્ટપણે વાત કરી છે. કોર્ટે એક સંપત્તિ વિવાદના મામલામાં આ અંગેનો ચુકાદો આપ્યો હતો. નવેસરના કેસમાં એક મહિલાની સામે તેના લિવ ઈન પાર્ટનરના પરિવારના સભ્યોએ એમ કહીને મામલો કોર્ટમાં રજૂ કર્યો હતો કે, તેના દાદા પોતાની પત્નિના મોત બાદ છેલ્લા ૨૦ વર્ષથી મહિલાની સાથે કોઈપણ પરિણિત સંબંધ રાખ્યા વગર રહેતા હતા જેથી તેના મોત બાદ પરિવારની સંપત્તિ ઉપર તે મહિલાનો કોઈપણ અધિકાર હોઈ શકે નહીં. પરિવારના સભ્યોએ મહિલા ઉપર આક્ષેપ કર્યો હતો કે, સંબંધમાં તેની સ્થિતિ માત્ર રખાત તરીકેની હતી. મામલાની સુનાવણી દરમિયાન આ મહિલાએ કોર્ટમાં પરિણિત હોવાના પુરાવા રજુ નહીં કરવાની સ્થિતિમાં પણ અદાલતે તેને મૃતકની પત્નિ તરીકે સ્વીકારી લીધી છે. કોર્ટે કહ્યું હતું કે, પરિવારવાળા પણ માને છે કે, લાંબા સમયથી બંને એક સાથે રહેતા હતા જેથી મહિલાનો દરજ્જો પત્નિનો રહેશે. કોર્ટે કહ્યું હતું કે, લિવ ઈન સંબંધમાં રહેતા દંપત્તિને કોર્ટ સ્વભાવિકરીતે પરંપરાગતરીતે પરિણિત લોકોની જેમ જ ગણે છે. પોતાને બિનપરિણિત પુરવાર કરવાની જવાબદારી દંપત્તિની રહેશે. સુપ્રીમ કોર્ટના આ દુરગામી ચુકાદાની અસર ઘણા લોકો ઉપર થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે સંપત્તિ વિવાદ મામલામાં આ ફેંસલો આપ્યો હતો. આ કેસની વિગતમાં તપાસ કરવામાં આવે તો જાણી શકાય છે કે, સુપ્રીમના આ ફેંસલાની સીધી અસર થશે. લિવઈન સંબંધ મારફતે જન્મ લેનાર બાળકોને પણ સુપ્રીમ કોર્ટે અગાઉના ચુકાદામાં કાયદાકીયરીતે ગણ્યા હતા. કોર્ટે તેમને પતિ-પત્નિ તરીકેનો દરજ્જો આપ્યો છે.

# હેનોવરમાં રોકાણકારોને પ્રભાવિત કરવાના મોદીના પ્રયાસ



હેનોવર,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની ત્રણ દેશોની ઐતિહાસિક યાત્રાના બીજા તબક્કામાં જર્મનીમાં પહોંચ્યા બાદ ત્યાં પણ છવાઈ ગયા હતા. ફ્રાન્સની સપળ યાત્રા પૂર્ણ કરીને જર્મનીમાં પહોંચેલા મોદીએ જર્મનીના રોકાણકારોને આદર્શ વેપારી માહોલનુ વચન આપ્યું હતુ. સાથે સાથે ભારતમાં મોટા પાયે રોકાણ કરવા તેમને આકર્ષિત કરવાના તમામ પ્રયાસ કર્યા હતા. મોદીએ કહ્યું હતુ કે સ્થિર અને પ્રતિસ્પર્ધા કરવેરા વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવસે. બાકીની જે અનિશ્ચિતા છે તેને દુર કરવા માટે તેમની સરકાર કટિબદ્ધ છે. મોદીએ કહ્યુ હતું કે ભારતમાં તક અસામાન્ય રહેલી છે. વાઈબ્રન્ટ ઈકોનોમિક પાર્ટનરશીપ માટે વ્યાપક તક રહેલી છે. હેનોવર ખાતે મોદીએ રોકાણકારોના મન જીતી લીધા હતા. તેમણે કહ્યુ હતું કે ભારતમાં વ્યવસ્થાને બદલી નાંખવા માટેની કામગીરી મોટી છે. પરંતુ સરકાર તે દિશામાં ઝડપથી આગળ વધી ચુકી છે. જર્મન ચાન્સલર એન્જેલા માર્કેલની સાથ હેનોવર વેપાર મેળાનુ ઉદ્‌ઘાટન કરતા મોદીએ કહ્યું હતું કે તેમની સરકાર બિનજરૂરી કાયદાને દુર કરી રહી છે.પ્રક્રિયાને સરળ બનાવી રહી છે. દેશમાં વેપારની પ્રક્રિયા સરળ બને તેવા પ્રયાસ થઈ રહ્યા છે. વિદેશી કંપનીઓ મેક ઈન ઈન્ડિયાના કાર્યક્રમમાં સરળ રીતે ભાગ લઈ શકે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. તેમણે જર્મની અને અન્ય દેશોના રોકાણકારોને આકર્ષિત કરતા કહ્યુ હતું કે આજે તેઓ ભારતની આર્થિક સંભાવનાને ખોલવા માટે મિશન સાથે જર્મનીમાં આવ્યા છે. ભારત સમગ્ર દુનિયાને ગળે લગાવવા માટે તૈયાર છે. દુનિયાના જુદા જુદા દેશોની તેમની યાત્રાની વાત કરતા મોદીએ કહ્યું હતું કે ભારતના લોકોની અપેક્ષા વધી ગઈ છે. અમારા ૮૦ કરોડ યુવાનોમાં આશાની નવી લહેર છે. તેમણે કહ્યું હતું કે અમારા યુવાનોના સપનાને પૂર્ણ કરવા માટે મેન્યુફેકચરિંગ કેન્દ્ર અને સ્વદેશમાં રોજગાર વધાર દેવા પડશે. યુવાનોને જરૂરી કુશળતાથી સજ્જ કરવાપડશે. મોદીએ વચન આપતા કહ્યું હતું કે અમે અનેક મંજૂરી અને લાંબી વેઈટિંગને દુર કરવા માટે ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છીએ.મોદીએ કહ્યું હતું કે દેશમાં એવુ વાતાવરણ મળશે જેમાં કારોબાર કરવાની સુવર્ણ તક રહેશે.મોદીએ રોકાણકારોને આકર્ષિત કરતા કહ્યુ હતું કે અમે રોકાણકારોનુ માર્ગદર્શન પણ કરીશુ. અમે ભારતમાં હવે ઈન્વેસ્ટ ઈન્ડિયા અને કંટરી ડેસ્ક સ્થાપિત કરી ચુક્યા છીએ. જેને રાજ્યો સાથે જોડી દેવામાં આવનાર છે. અમે ઈનોવેસન માટે વિકાસ કરીશુ. સાથે સાથે રોકાણકારોની સંપત્તિનુ રક્ષણ કરવામાં આવશે. અમે સંસ્થાઓમાં એવા સુધારા કરી રહ્યા છીએ જે દશકોથી થયા નથી. અમે એવી વ્યવસ્થા બનાવી રહ્યા ચીએ જે ખુબ અસરકારક રહેશે. અગાઉ નરેન્દ્ર મોદી ગઈકાલે તેમના ત્રણ દેશોના ઐતિહાસિક પ્રવાસના બીજા તબક્કામાં જર્મની પહોંચી ગયા હતા. જર્મનીમાં પહોંચ્યા બાદ તેમનું ઐતિહાસિક અને ભવ્ય રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. જર્મન શહેર હેનોવર પહોંચ્યા બાદ તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું. જર્મનીની પ્રથમ વખત યાત્રાએ પહોંચેલા મોદીએ કહ્યું હતું કે, તેઓ અહી આવીને ગર્વ અનુભવ કરી રહ્યા છે. જર્મનીના પ્રવાસે રવાના થતા પહેલા મોદીએ ટ્વિટ કરીને થેંકયુ ફ્રાંસ કહ્યું હતુ. ફ્રાંસની યાત્રાને સમેટી લેતા મોદીએ આ સફળ યાત્રા બાદ ફ્રાન્સની સરકાર અને લોકોનો આભાર માન્યો હતો. આ યાત્રાની મુખ્ય સફળતા ૩૬ રાફેલ જેટ વિમાનોની સોદાબાજી છે. ફ્રેંચ ભાષામાં મોદીએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, તેઓ ખુબ જ ખુશ છે. ફ્રાંસમાં મોદીએ પ્રમુખ હોલાન્ડે સાથે વાતચીત કરી હતી અને ઘણી બદી સમજૂતિઓ કરી હતી. ઘણા કાર્યક્રમોમાં હાજરી આપી હતી. ફ્રાંસ ભારતમાં બે અબજ યુરોનું રોકાણ પણ કરનાર છે. પોતાના દેશને મુશ્કેલીમાંથી બહાર કાઢનાર પ્રમુખ એન્જેલા માર્કેલે કહ્યું હતું કે જર્મનીની કંપનીઓ મેક ઈન ઈન્ડિયામાં ભાગ લે તે સારી બાબત છે સાથે સાથે ભારતીય કંપનીઓ મેક ઈન જર્મનીમાં ભાગ લે તે પણ જરૂરી છે. ભારતમાં સ્થિતી ચોક્કસપણ સુધરી રહી છે.

## જનતા પરિવાર મર્જરને લઈ ૧૫મીએ બેઠક થશે

નવી દિલ્હી, તા. ૧૩

મર્જ થયેલા જનતા પરિવારમાં નેતાઓની બેઠક દિલ્હીમાં ૧૫મી એપ્રિલના દિવસે યોજાય તેવી શક્યતા દેખાઈ રહી છે. રાષ્ટ્રીય જનતા દળના વડા લાલૂ પ્રસાદ યાદવે આજે પુનરોચ્ચાર કર્યો હતો કે, મર્જરની વાત અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. છ રાજકીય પક્ષોના નેતાઓ જનતા પરિવારના મર્જરના દસ્તાવેજને મંજુરી આપી ચુક્યા છે જે અંગે હાલમાં પ્રક્રિયા ચાલી રહી છે. જનતા પરિવાર મર્જરમાં છ રાજકીય પક્ષોના નેતાઓ ભાગ લઈ રહ્યા છે જેમાં સમાજવાદી પાર્ટી, આરજેડી, જેડીયુ, સમાજવાદી જનતા પાર્ટી, જેડીએસનો સમાવેશ થાય છે. બિહારના મુખ્યમંત્રી નિતીશકુમાર કહી ચુક્યા છે કે, રાજકીય પક્ષોના મર્જરની બાબત આગળ વધી રહી છે પરંતુ વિધિવત જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. જનતા પરિવારના મર્જરને લઈને પણ બિહારમાં વિધાનસભાની ચૂંટણી પહેલા જોરદાર રાજકીય ગરમી જામે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભાજપ સામે લડત ચલાવવાના હેતુસર આ મર્જરની તૈયારી કરાઈ છે. જેમાં લાલૂ યાદવ, મુલાયમ અને નીતિશકુમાર એક મંચ ઉપર દેખાશે.

## વિહિપના સંતો ટૂંકમાં મોદીને મળવા માટે ઈચ્છુક

લખનૌ, તા. ૧૩

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે સમર્થન મેળવવા રામ મહોત્સવનું આયોજન કર્યા બાદ વિશ્વ હિન્દુ પરિષદના સંતો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ મળવાની યોજના ધરાવે છે. રામજન્મ ભૂમિ વિવાદનો ઝડપી ઉકેલ લાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદના લોકો વડાપ્રધાનને મળશે. ૨૫મી મેથી હરિદ્વાર ખાતે કેન્દ્રીય માર્ગદર્શક મંડળની બે દિવસીય બેઠક યોજાશે જેમાં વડાપ્રધાનને મળવા માટેની તારીખ અંગે નિર્ણય લેવામાં આવશે. વિશ્વ હિન્દુ પરિષદના પ્રવક્તા શરદ શર્મા દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. સંતોની આ બેઠકમાં અશોક સિંઘલ અને પ્રવિણ તોગડિયા સહિતના નેતાઓ હાજરી આપનાર છે. વડાપ્રધાન સાથે બેઠક દરમિયાન એક મેમોરેન્ડમ પણ સુપરત કરવામાં આવનાર છે. વિવાદને કઈ રીતે ઉકેલી શકાય તે વિષય ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, લાંબા સમયથી અમારી એવી માંગ રહી છે કે, આ વિવાદને ઉકેલી લેવો જોઈએ. રામજન્મભૂમિ ન્યાસના ચેરમેન મહંત નૃત્યગોપાલદાસે કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટની ખાસ બેંચની રચના થવી જોઈએ. હેતુ એ છે કે, વડાપ્રધાને આ દિશામાં પહેલ કરવી જોઈએ. વહેલી તકે વિવાદનો ઉકેલ આવે તે ખુબ જરૂરી છે. સંતોનું પ્રતિનિધિમંડળ ગયા વર્ષે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મળી ચુક્યું છે અને માંગણી કરી હતી કે, શંકર દયાળ શર્માના આદેશોને પાળવા જોઈએ પરંતુ કોઈ કામ આ દિશામાં થયું નથી. વિહિપ પ્રવક્તાએ કહ્યું છે કે, તત્કાલિન રાષ્ટ્રપતિએ એ વખતે સુપ્રીમ કોર્ટમાં સૂચના આપી હતી કે,



વિવાદનો ઉકેલ લાવવા પગલા લેવા જોઈએ. હરિદ્વાર ખાતે બેઠકમાં પંચવટી પ્રચારને લઈને પણ ચર્ચાવિચારણા કરવામાં આવશે. જૂન-જુલાઈ દરમિયાન પંચવટી ઝુંબેશ ચલાવવામાં આવશે જેના ભાગરુપે દરેક ગામમાં વૃક્ષો લગાવવામાં આવશે. પ્રાચીન માન્યતા મુજબ રામાયણમાં પંચવટી ગાર્ડનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## સમાચાર ઝલક

- રાજકોટમાં સૌરાષ્ટ્રનું પ્રથમ વિજ્ઞાન મ્યુઝિયમ બનશે.
- મોરબીમાં ટાઈલ્સ ટેક્ષનું આંતર રાજય કૌભાંડ પકડાયું.
- સત્તાધારનું દૂધ ઘર, આજે પણ દિવ્યતાની અનુભૂતિ, દહીં બનાવવું હોય તો મેળવણ વગર દહીં તૈયાર થાય છે.
- સિદ્ધપુર નજીક સ્વામિનારાયણ મંદિરના મહંતનું જમીનના મુદ્દે અપહરણ.
- ગુજરાતમાં અન્ના હજારે એક હજાર સભા સંબોધશે તેવું આયોજન તૈયાર કરાયું.
- રાજસ્થાનની જેમ રાજયની મહિલાઓને પણ એક દિવસ મફત એસ.ટી. મુસાફરી આપવા માંગણી.
- ધાનેરા પાલિકામાં કોંગ્રેસે સત્તા ગુમાવી.
- ખતરો કે ખિલાડી-૬નો વિજેતા બન્યો ૩૬ વર્ષીય આશીષ ચોધરી.
- ભાજપમાં વહી ઉલટી ગંગા ૧૦૦ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા.
- સાબરમતીના શુદ્ધીકરણ માટે કરાશે ૧૦૦૦ કરોડનો ખર્ચ.
- ટેકનીકલ કોલેજોમાં ચાલુ વર્ષે બેઠકો વધશે નહીં.

## આઈપીઓથી સૌથી વધુ નાણાં ૨૦૦૭-૮માં મળ્યા છે

નવી દિલ્હી,તા. ૧૩

બજારમાં જોરદાર તેજીના સંકેત દેખાઈ રહ્યા છે ત્યારે ડઝનથી વધુ કંપનીઓ આઈપીઓ લાવવાનું વિચારી રહી છે. કારોબારને ફેલાવવાના હેતુસર આઈપીઓ લાવવામાં આવે છે. ૨૦૦૭-૦૮ના ગાળા દરમિયાન આઈપીઓ બજારમાં જોરદાર ઉત્સાહ જોવા મળ્યો હતો. તે વખતે આઈપીઓ મારફતે કંપનીઓ દ્વારા ૪૧૩૨૩ કરોડ રૂપિયા ઉભા કરાયા હતા.

## એનઆરઆઇ મતદારોને હવે ટુકમાં જ મતદાનનો અધિકાર

નવી દિલ્હી,તા. ૧૩

બિહારમાંવિધાનસભાની ચૂંટણી પહેલા એનઆરઆઈ મતદારોને મતદાન માટેનો અધિકાર મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ દિશામાં પગલા લેવામાં આવી રહ્યા છે. જોતમામ બાબતો યોગ્યદિશામાં આગળ વધશે તો પ્રથમ વખત એનઆરઆઈને મત માટેનો અધિકાર મળી જશે. બિહાર એનઆરઆઈના મતદાનનો ઉપયોગ કરનાર પ્રથમ રાજ્ય બની શકે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ વિધાનસભાની ચૂંટણીમાં એનઆરઆઈને પ્રોક્સી અથવા તો ઈ-પોસ્ટ બેલેટ મારફતે મત આપવાના અધિકારના પ્રશ્ને ચૂંટણી પંચ દ્વારા કાયદા મંત્રાલય સાથે વાતચીત કરવામાં આવી રહી છે. આ સંબંધમાં માહિતી ધરાવનાર લોકોનુ કહેવુ છે કે ચૂંટણી પેનલ મોનસુન સત્રમાં લોક પ્રતિનિધીત્વ કાયદામાં સુધારા કરવા માટે સરકારને મનાવવા માટેના પ્રયાસમાં છે. બિહાર ચૂંટણીમાં આ પ્રોજેક્ટને પાયલોટ બોઝિક પર અમલી કરવાની હિલચાલ ચાલી રહી છે. ૨૯મી નવેમ્બરથી પહેલા બિહારમાં નવી વિધાનસભાની રચના કરવામાં આવનાર છે. રાજ્યમાં આશરે ૧૦૦૦થી વધારે નોંધાયેલા એનઆરઆઈ છે. જો કે આ પ્રોજેક્ટને સમગ્ર બિહારમાં અમલી કરાશે કે કેમ તે અંગે ચૂટણી પંચ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો નથી.

## ડ્રોન હુમલામાં અલ કાયદાના ૫૦થી વધુ ત્રાસવાદી ફુંકાયા

ઈસ્લામાબાદ,તા. ૧૩

પાકિસ્તાનમાં મોટા પાયે ત્રાસવાદીઓ હજુ પણ છુપાયેલા છે. ત્રાસવાદીઓ સામે અમેરિકા દ્વારા હજુ પણ હુમલા કરવામાં આવી રહ્યા છે. માત્ર પાકિસ્તાન દ્વારા જ નહી બલ્કે અમેરિકા દ્વારા પણ ભીષણ હુમલા કરવામાં આવ્યા છે. પાકિસ્તાનમાં છેલ્લા કેટલાક મહિનામાં અમેરિકા તરફથી કરવામાં આવેલા હુમલામાં અલ કાયદાના ૫૦થી વધારે ત્રાસવાદી માર્યા ગયા છે. ડ્રોન હુમલામાં અનેક મોટા ત્રાસવાદીઓ ઘાયલ પણ થયા છે. માર્યા ગયેલા ત્રાસવાદીઓમાં તેની નાયબ લીડર ઉસ્તાદ અહેમદ ફારૂક અને અફઘાનિસ્તાનમાં અલ કાયદાના લીડર કારી ઈમરાનનો સમાવેશ થાય છે. એક્યુઆઈએસના પ્રવકતાએ કહ્યું હતું કે જાન્યુઆરી મહિનામાં ઉત્તરીય વજિરિસ્તાનમાં કરાયેલા ડ્રોન હુમલામાં આ બન્ને ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. એક્યુઆઈએસની રચના ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પાકિસ્તાની મૌલવી મોહમ્મદ આસીમના નેતૃતવમાં કરવામાં આવી હતી. આસીમ કરાચીમાં અભ્યાસ કરી ચુક્યો છે અને અનેક પુસ્તકો લખી ચુક્યો છે.